## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



દુધપાક ભજીયા બનાવી નાખ... આચારસંહિતા લાગુ પડે પછી કદાચ એના પર પ્રતિબંધ પણ આવી જાય...!!

# બોરીજ ગરનાળામાં ફસાયેલા યુવકને ફાયર ટીમે બહાર કાઢ્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર બોરીજ નવા પરા વિસ્તારમાં ગટરની ખુલ્લી ચેમ્બરમાંથી અંદર ઉતરેલો યુવક ગરનાળામાં ફસાઈ જતા સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી અને તેમની ટીમે ભારે જહેમત બાદ યુવકને હેમખેમ બહાર નીકાળ્યો હતો. જયારે યુવકને શ્વાસ લેવામાં તેમજ કપાળના ભાગે ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા સારવાર માટે ખસેડાયો છે. જયારે યુવકની બચાવ કામગીરી નિહાળવા માટે હજ્જારો ગ્રામજનો એકઠા થઈ ગયા હતા.

મળતી વિગત મુજબ ગાંધીનગર સર્કિટ હાઉસ પાછળના ભાગે આવેલા નવા પરા વિસ્તારમાં આજે બપોરના સુમારે એક યુવક ગટરની ચેમ્બરમાંથી નીચે ઉતરી જતા ગરનાળામાં ફસાઈ ગયો હતો. જો કે બનાવની જાણ થતા ગ્રામજનો સ્થળ પર દોડી ગયા હતા. યુવકને બહાર કાઢવા માટે પ્રયાસ હાથ ધર્યા હતા. પરંતુ યુવક બહાર ન નીકળતા ફાયર બિગ્રેડને જાણ કરી હતી. સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી તેમની ટીમના જવાનો સાથે તાત્કાલીક બોરીજ પહોંચી ગયા હતા. સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી ગટરની ચેમ્બરમાંથી નીચે ઉતરીને યુવકને બચાવવાની કામગીરી હાથ ધરી હતી. યુવક નશામાં ધુત હોય તેમ લાગી રહ્યું હતું. તે ઉપરાંત તેણે ઈંટ પણ પોતાના હાથે કપાળના ભાગે મારતા ઈજા પહોંચી હતી. જયારે યુવક કોઈની પણ વાત માનવા માટે તૈયાર ન હતો.



જેથી બચાવ કામગીરીમાં વિલંબ થઈ રહ્યો હતો.તેમ છતા ફાયર ઓફિસરે તેને સમજાવી મનાવી ભારે જહેમત બાદ ભુંગળામાં ફસાઈ ગયેલા યુવકને હેમખેમ બહાર લાવ્યા હતા.જયારે યુવક છેલ્લા કેટલાક સમયથી અંદર હોવાથી તેને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. તો બીજીતરફ યુવક દારૂનું વ્યસન કરતો હોય તેમ સ્થાનિક નાગરીકોમાં ચર્ચાતુ હતું. જયારે ગરનાળાની અંદર યુવકે બચાવ કામગીરી કરતા કે.જે.ગઢવીનું ગળુ પકડી પાડતા તે પણ ડઘાઈ ગયા હતા. તેમ છતા તેઓએ બચાવ કાર્ય શરુ રાખ્યું હતું.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામમાં સવારના સમયે વીજળી વેરણ થતાં ગ્રામવાસીઓ બહુ હેરાન થયા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે વાદળછાયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ.
- ગાંધીનગર (૭) વિધાનસભા મતવિસ્તારમાં મતદાન મથકો તેમજ એસ.એસ.ટી.ની ટીમો દ્વારા હાથ ધરાતી કામગીરીની ખર્ચ ઓબ્ઝર્વર અને કલેક્ટર પ્રવિણા ડી.કે.એ મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર મેડીકલ કોલેજમાં કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરાયુ હતુ.
- સચિવાલયમાં સેક્શન અધિકારીની ૧૦૨ અને ઉપસચિવની ૧૧૯ જેટલી જગ્યાઓ ખાલી પડેલી છે.
- ગાંધીનગર શહેરમાં પુરતા ફોર્સથી પેયજળનો પુરવઠો નહિ અપાતો હોવાની ફરિયાદ ઉઠી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં સતત બીજે દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગરમાં ઘ-રોડ પર ટ્રીટલાઈટના નવા થાંભલાઓ લગાવાયા છે.
- ગાંધીનગર (૭) વિધાનસભામાં ઉમેદવારો દ્વારા ૮ જેટલા વાહનોની મંજૂરી માંગવામાં આવી છે.
- શહેર જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝ અંતર્ગત ૫૦થી પણ ઓછા લોકોને આવરી લેવાયા હતા. ગ્રામ્યમાં ૨ અને શહેરમાં ૪૭ લોકોને આવરી લેવાયા હતા.
- ચૂંટણીની કામગીરી વેગીલી બનતાં સરકારી કચેરીઓમાં અધિકારીઓ-કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી રહી છે.

## સરઢવ ખાતે વિદ્યાર્થીઓનો સ્વબચાવ તાલિમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી યોજના હેઠળ સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ, સરઢવ ખાતે વિદ્યાર્થીઓને સ્વબચાવની તાલિમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે મંડળના મંત્રી દશરથભાઈ બેંકર, કેમ્પસ ડાયરેક્ટર અમરસિંહ ઠાકોર, પ્રિન્સિપાલ અમૃતભાઈ દેસાઈ તથા સુરક્ષા સેતુ તરફથી ભૂપેન્દ્રકુમાર શ્રોત્રિય અને કોચ તનિશા ઠાકોર હાજર રહી વિદ્યાર્થીનીઓને સ્વબચાવની ટેકનીક શિખવી હતી.

## ચંદ્રાલા નાકા પોઈન્ટ રીક્ષામાંથી ૨૪ બોટલ દારૂની મળી

ગાંધીનગર, તા.૨૧

ચિલોડા પોલીસ દ્વારા ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ દરમિયાન સીએનજી રીક્ષામાંથી વિદેશી દારૂની ૨૪ બોટલ મળી આવી હતી. પોલીસે રીક્ષા, દારૂ સાથે બે શખ્સોની ધરપકડ કરી રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ દ્વારા ચંદ્રાલા ગામ ખાતે આગમન હોટલ નજીક નાકા પોઈન્ટ પર પોલીસ જવાનો દ્વારા વાહન ચેકીંગની કામગીરી કરવામાં આવે છે. ત્યારે હિંમતનગર તરફથી આવી રહેલી એક સીએનજી રીક્ષાને ઉભી રાખીને ચેક કરવામાં આવી હતી. રીક્ષામાં બે મુસાફર તેમજ બે રીક્ષાના ચાલકો હતા. પોલીસે રીક્ષાની તપાસ કરતા પાછળની સીટ નીચે વિદેશી દારૂની ૨૪ બોટલ મળી આવી હતી.

જે અંગે બંન્ને શખ્સોને પુછપરછ કરતા તેમણે પોતાના નામ દિપકકુમાર રાજવીર દિવાકર (રહે.મહાકાલી મંદિર પાસે બાલાજી કિરાણા સ્ટોર્સ, મેઘાણીનગર,) અને ચંદ્રકાત ઉર્ફે મુન્નો વિનોદભાઈ પરમાર (રહે.પ્લોટ નં.૧૦૩ ખોડીયારનગર -૩ વૈશાલી સ્કુલ સામે નોબલનગર)હોવાનું જણાવ્યું હતું. જો કે દારૂની બોટલો અંદે તેઓને પોલીસે પુછપરછ કરતા સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. જેથી પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી દારૂ-રીક્ષા મળી કુલ રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના સુંદર મામા (મયુર વાંકાણી) ભાજપના પ્રચારમાં જોડાયા



સમગ્ર રાજયમાં વિધાનસભાની ચુંટણીને લઈ રાજકીય વાતાવરણમાં ગરમાવો આવ્યો છે. આ ચુંટણીમાં ત્રિપાખીયો જંગ જામ્યો છે, દરેક બેઠક પર મોટીસંખ્યામાં ઉમેદવારો ચુંટણી લડી રહ્યા છે.ત્યારે હાલ ચુંટણી પ્રચાર વેગવંતુ બનાવવામાં આવ્યું છે. ત્યારે ગાંધીનગર ઉતર વિધાનસભા ચુંટણીનો પ્રચાર-પ્રસાર પણ જોશશોરથી ચાલી રહ્યો છે. હાલમાં ડોર ટુ ડોર પ્રચાર અભિયાનમાં ઉમેદવાર મતદારોના ઘર સુધી પહોંચી રહ્યા છે. ત્યારે સેકટરોમાં મતદારો તરફથી ભાજપના ઉમેદવાર રીટાબેન પટેલને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ત્યારે તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના સુંદર મામા (મયુર વાકાણી) નાના બાળકો સહિત ઘર ઘરમાં જાણીતા બન્યા છે. તેઓ આજે સેકટર-૩૦ ખાતે બીજેપીના ઉમેદવાર રીટાબેન પટેલના પ્રચારમાં સુંદર મામા જોડાતા નાના બાળકો સુંદર મામાને જોઈ ખુશખુશાલ થઈ ગયા હતા અને ચિચિયારીઓ પાડતા હતા. જો કે આગામી સમયમાં હજુ પણ એક થી એક કલાકાર ગાંધીનગરના આંગણે પ્રચારમાં આવે તેવી શકયતાઓ છે.



શિયાળાની સવારે શાળાઓમાં સમૂહ કવાયતનું આયોજન થાય ત્યારે તન-મન સ્ફૂર્તીમાં આવી જાય છે. ડભોડાની શ્રી એમ.એચ. વિદ્યામંદિર ખાતે સમૂહ કવાયતનુ આયોજન થઈ રહ્યુ છે જેમાં પીટી શિક્ષક દલસંગભાઈ અને સ્ટાફ પરિવાર સહયોગ આપી રહ્યા છે.

## વાવોલ ગોકુલપુરા સામે વેગન-આર કારને પાછળથી ટકકર મારતા નુકશાન

ગાંધીનગર, તા.૨૧

વાવોલ-ગોકુલપુરા નજીક ગોગા મહારાજના મંદિર સામે રોડ ઉપર થી પસાર થઈ રહેલા દંપતિની વેગન-આર કારને પાછળથી ટક્કર મારતા ગાડીને ભારે નુકશાન થયું હતું. જયારે પાછળના કાર ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારી અકસ્માત બાદ પણ નુકશાનીનો ખર્ચ આપવાની ના પાડતા કાર ચાલક દંપતિએ કાર ચાલક સામે ફરીયાદ નોંધાવી છે મળતી વિગત મુજબ અમદાવાદ એચ.બી કાપડીયા સ્કુલ પાસે અભિનંદન સ્વામી સોસાયટી ખાતે રહેતા પોપટલાલ રામશંકર પંડ્યા (ઉં.૭૨) નિવૃત જીવન પસાર કરી રહ્યા છે. જયારે પોપટલાલ પંડ્યા પોતાની વેગન-આર નં. જી.જે. ૦૧. એચ. એસ.૯૨૯૬ લઈને વિસનગર સામાજીક કામ અર્થે જઈ રહ્યા હતા. તે સમયે સવારના ૧૦ વાગ્યાના અરસામાં વાવોલ ગોકુલપુરા થઈ પસાર થઈ રહ્યા હતા તે સમયે ગોગા મહારાજના મંદિર સામે રોડ ઉપર અન્ય ગાડીના ચાલકે પુરપાટ ઝડપે કાર હંકારી પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જયારે અકસ્માતમાં કોઈને ઈજા પહોંચી ન હતી. કારને નુકશાન થયુ હોવાથી સમાધાનની વાત ચાલી રહી હતી અને કારના નુકશાનીના પૈસા આપવાની વાત કરી હતી. પરંતુ ત્યારબાદ પૈસા આપવાની ના પાડતા વડીલે કાર ચાલક સામે ફરીયાદ નોંધાવી છે.



અગરતલા, ત્રિપુરા ખાતે યોજાયેલ અખિલ ભારતીય મુલ્કી સેવા સંગીત, નૃત્ય અને નાટ્ય સ્પર્ધામાં ગુજરાતની ટીમે ઝળહળતો દેખાવ કર્યો છે. ગુજરાત સચિવાલયની ટીમે ફોક ડાન્સમાં ગુજરાતનું ગૌરવ 'ગરબા' પ્રસ્તુત કરી સૌનુ મન મોહી લીધુ હતુ અને ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ ગ્રુપમાં જિજ્ઞાસા ખરાડી, મિત્તલ વસાવા, હર્ષલ પટેલ, કવિતા પરમાર, હર્ષા દાફડા, અંકીતા પરમાર, નીધિ દાણીધરીયા અને ગીતા ભરવાડ જોડાયા હતા.

## દહેગામથી ગુમ થયેલા બે બાળકો કૃષ્ણનગરથી મળ્યા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરની એક ખાનગી શાળામાંથી આજે રિસેશના સમયે અજાણ્યો રીક્ષા ચાલક અંદાજીત ૧૧ થી ૧૨ વર્ષના બે વિદ્યાર્થીઓને મોંઢુ દબાવી અપહરણ કરી અમદાવાદ તરફ લઈ ગયો હોવાની ફરીયાદ ઉઠવા પામી હતી. જયારે કૃષ્ણનગર રોડ પર રીક્ષા ધીમી પડતા નાટયાત્મક રીતે બંન્ને વિદ્યાર્થીઓ કુદી પડ્યા હતા. ત્યારપછી કોઈ વ્યકિતની મદદથી ઘરે ફોન કરી જાણ કરતા પરિવારજનો તાત્કાલીક અમદાવાદ લેવા માટે પહોંચી ગયા હતા. જયારે બાળકો હેમખેમ મળી આવતા પરિવારના સભ્યો સહિત અન્ય નાગરીકોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. જયારે પરિવારના સભ્યોએ શાળા સંચાલકોને બાળકો અંગે પુછતા તેઓએ વાલીઓ સાથે ગેરવર્તણુક કરી હોવાનુ પણ ધ્યાને આવ્યું છે. ત્યારે હાલ આ મામલે અત્યાર સુધી કોઈ ફરીયાદ નોંધાઈ નથી.પ્રાપ્ત માહિતી મુજબ દહેગામની એક શાળામાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓનું રીક્ષા ચાલકે અપહરણ કથિત રીતે અપહરણ કર્યાની વાતને લઈ હોબાળો થતા વિદ્યાર્થીઓના માતા-પિતામાં દોડાદોડી મચી ગઈ હતી. બંન્ને વિદ્યાર્થીઓ નિત્યક્રમ મુજબ શાળામાં ગયા હતા. જયારે રીસેશના સમયે બંન્ને વિદ્યાર્થીઓ સ્કુલના કેમ્પસમાં હતા. તે સમયે એક રીક્ષા ચાલક સ્કુલમાં આવીને કથિત રીતે બંને બાળકોનું અપહરણ કરી નરોડા તરફ ગયો હતો. બનાવની જાણ થતા વિદ્યાર્થીઓના માતા-પિતા શાળાએ આવી ગયા હતા. શાળા સંચાલકોની બેદરકારી મુદ્દે ગંભીર આક્ષેપ કરી પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો. તો બીજીતરફ રીક્ષા ચાલકે કૃષ્ણનગર રીક્ષા ધીમી પડતા વિદ્યાર્થીઓ રીક્ષામાંથી કુદી પડ્યા હતા. જયારે એક વ્યકિતની મદદ થી પરિવારના સભ્યનો સંપર્ક કર્યો હતો. જેથી પરિવારજનો તાત્કાલીક કૃષ્ણનગર ખાતે પહોંચી ગયા હતા. ત્યારપછી પરિવારજનો બંન્ને બાળકોને અમદાવાદ થી લઈ દહેગામ પરત ફર્યા હતા. જો કે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી આ સમગ્ર મામલે કોઈ પોલીસ ફરીયાદ નોંધાઈ નથી.

## કાંસમાં ગટરોના ગંદા પાણી વહેતા નાગરીકો હેરાન પરેશાન



ગાંધીનગર શહેરના સરગાસણ પાસેથી પસાર થતી કાંસમાં ગટરોના ગંદા પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલના સમયે કાંસમાં ગંદા પાણી વહેતા નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. ગંદકીને પગલે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે.જયારે કાંસ પાસેથી પસાર થતા સમયે અતિશય દુર્ગંધથી ફરજીયાત મોં પર રૂમાલ રાખવાની ફરજ પડી રહી છે. કાંસની આસપાસના વિસ્તારમાં મોટી સોસાયટીઓ, તેમજ ફલેટની સ્કિમો આવેલી છે. જેથી ગટર કનેકશન ન હોય તેવી ઈમારતના બાંધકામ સમયે ખાડા કુવામાં કે ડાયરેકટ કાંસમાં કનેકશન આપી દેવાતા કાંસ હાલ ગંદકી થી ખદબદતી જોવા મળે છે.

## રાષ્ટ્રીય સેવા યોજના એકમના દ્વારા મતદાન જાગરુકતા રેલી યોજાઈ



ગાંધીનગર,તા.૨૧

ગૂજરાત વિધાપીઠના સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ મતદાન જાગૃત્તિ અન્તર્ગત મોતીપુરા ગામની પ્રાથમિક શાળાના વિધાર્થીયો સાથે એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું મતદાન જાગૃત્તિ કાર્યક્રમ અંતર્ગત સ્વયમ સેવક શ્રે મંથન મિસ્ત્રી , કૌશિક કટારીયા, ચંદ્રભાન મકવાણા , શ્રી ચિરાગ ઓડ, મોતી ભરવાડ, ન્યૂઝી ત્રિવેદીઅને રુચિત રાઠોડ વિશેષ આયોજન કર્યું હતું સારા સારા સુત્રો સારા કામ છોડ દો સબસે પહલે વોટ દો અને હમ સબ મિલકર પ્રજાતંત્ર કા જતન કરે—મતદાન જરૂર કરે સાથે સંપૂર્ણ ગામમાં રેલી કાઢવામાં આવી હતી જેમાં પ્રાતમિક શાળાનાં અધ્યાપકો અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સીલાવતની વિશેષ ભૂમિકા રહી હતી મોતીપુરા ગામના સરપંચ શ્રી નીયલ પટેલે પણ આ મતદાન રેલીમાં સક્રિય ભૂમિકા ભજવી હતી આ રીતે ગૂજરાત વિધાપીઠના સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ ચુંટણી પંચ દ્વારા આપેલી માર્ગદર્શિકા પ્રમાણે લોકોને ૧૦૦ ટકા મતદાન કરવા માટે પ્રેરિત કરતા હતા આ મતદાન જાગૃત્તિ કાર્યક્રમમાં ગૂજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડો. અરુણભાઈ ગાંધીનો, શારીરિક શિક્ષણ સંસ્થાના ડીનશ્રી જગદીશ ચંદ્ર સાવલિયા અને અન્ય અધ્યાપકોનો અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટનો મુખ્ય ફાળો રહેલો છે

## જાણીતા કલાકાર પ્રવિણભાઈ પટેલ 'લાલી' નુ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન દ્વારા સન્માન



ગાંધીનગર,તા.૨૧

કલ્યાણ પુષ્ટી હવેલી વડોદરા ખાતે પૂ .જે.જે.શ્રી દ્વારકેશલાલજી ના હસ્તે કલાકાર પ્રવિણભાઈ પટેલ લાલી ને તેમણે ખાદિ ના કેનવાસ ઊપર ૪૦૦૦ થી વધારે મહાનુભવો વ્યક્તિઓ ના ચીત્રો દોરેલ છે જેમા પૃધાનમંત્રી નરેન્દ્ર મોદી. મોરારી બાપુ નો સમાવેશ થયેલ છે.

જે નિશુલક આપેલ જે બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન દ્વારા સર્ટિફિકેટ સંસ્થાના ગુજરાત પૃમુખ ડૉ અશ્વિનભાઈ ત્રિવેદી.એડવોકેટ તથા ઊપપમુખ દિવ્યાંગ ગાંધી ની હાજરી મા દવારકેશલાલજીએ આપેલ સંસ્થાના સીઈઓ સંતોષ શુક્લા એ પ્રવિણભાઈ ને અભિનંદન પાઠવેલ છે

**ડોક્યુમેન્ટ ખોવાઈ ગયેલ છે**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મારા ભત્રીજા નામે પટેલ બ્રિજેશકુમાર જયંતિલાલનું ફોર્મ-સી-રૂલ્સ-૬૩, સર્ટીફિકેટ ઓફ રજીસ્ટ્રેશન ગુજરાત સ્ટેટ ડેન્ટલ કાઉન્સીલ, અમદાવાદ Reg No. - A-14565 જેને મળે તેમણે નીચેના નંબર પર કોન્ટેક્ટ કરવા વિનંતી છે.

Mo. 9427012558
એલ. એમ. પટેલ

## જાહેર નોટીસ

**બી.બી. મોડીયા (જી.એ.એસ.) પ્રાંત અધિકારીશ્રી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ગાંધીનગરની કોર્ટમાં**

જન્મ-મરણ અપીલ નં. /૨૦૨૨

**અરજદાર :** બળદાવેભાઈ શનાભાઈ જાદવ
રહે. મગોડી, તા.જી. ગાંધીનગર

વિરૂદ્ધ

**સામાવાળા :** તલાટી કમ મંત્રશ્રી મગોડી ગ્રામ પંચાયત, તા.જી. ગાંધીનગર

**બાબત : જન્મ-મરણ અધિનિયમ:૧૯૬૯ની કલમ-૧૩(૩) નીચે વિવાદ અરજી**

આથી જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, અરજદારશ્રીના ભાઈ 'મુકેશભાઈ શનાભાઈ જાદવ'નું મરણ તા. ૧/૩/૧૯૮૯ રોજ મોજે - મગોડી, તા.જી. ગાંધીનગર ખાતે થયેલ છે. જેઓના મરણની નોંધણી શરતચૂકથી મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવાની રહી ગયેલ છે. જેથી અરજદારશ્રીના ભાઈનું મરણનું પ્રમાણપત્ર તલાટી કમ મંત્રીશ્રી મગોડી ગ્રામ પંચાયત તા.જી. ગાંધીનગર કાઢી આપે તેવો હુકમ કરવા અરજદારી અત્રેની કોર્ટમાં જન્મ-મરણ અપીલ નં. /૨૦૨૨થી દાખલ કરેલ છે. જેથી આ બાબતે કોઈપણ ઈસમ, સંસ્થા કે વ્યક્તિને અરજદારશ્રીના ભાઈશ્રીને સદર દાખલો આપવા સામે વાંધો, તકરાર હોય તો તેઓએ જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવાવો રહેશે. જો કોઈ વાંધો કે તકરાર રજુ નહી થાય તો આગળની યોગ્ય અને ન્યાયિક કાર્યવાહીથી હુકમ કરવામાં આવશે તેની નોંધ લેવી.

આજ તા. ૭/૧૧/૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
પ્રાંત અધિકારી, ગાંધીનગર